Career Counselling & Development Centre
Saurashtra University, Rajkot
104, 1st Floor, Academic Centre, B/h, Central Bank of India
Saurashtra University Campus, Rajkot-360 005
Ph. : 0281-2587144, ccdcsauuni@yahoo.co.in

CCDC

Re-Accredited
Grade **A** by NAAC

Dr. N.A. SHAH
Co-Ordinator

Ref.:
Date: 05/04/2018

# <u>પ્રેસનોટ</u>

**સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે...**
**સીસીડીસી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે બેન્કીંગ વર્ગ–૩ ની પરીક્ષાઓની તૈયારી માટેનાં તાલીમ વર્ગો ૧૯ એપ્રિલથી શરૂ થશે...**
**સ્પેશ્યલ વેકેશન બેચ... સીસીડીસી કાર્યાલય ખાતે નોંધણી કરાવવા અનુરોધ...**

---

કેરીયર કાઉન્સેલીંગ એન્ડ ડેવલોપમેન્ટ સેન્ટર (સી.સી.ડી.સી.), સૌરાષ્ટ્ર યુનિવર્સિટી મારફત રાજ્ય સરકારશ્રી અને ભારત સરકારશ્રીની વિવિધ સરકારી નોકરીઓ માટેની આવશ્યક સ્પર્ધાત્મક પરીક્ષાઓનાં તાલીમ વર્ગો નોન–સ્ટોપ ચલાવવામાં આવે છે અને જુદી જુદી કલાસ–૧, ૨ અને ૩ ની પરીક્ષાઓમાં સીસીડીસીનાં તાલીમાર્થીઓ એ ઝળહળતી સફળતા મેળવી સીસીડીસી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનુ પ્રસિધ્ધિ અપાવેલ છે. છેલ્લા પાંચ વર્ષમાં સીસીડીસીનાં માધ્યમથી અંદાજીત ૨ લાખ જેટલાં વિદ્યાર્થીઓને ડાયરેક્ટ ઈન ડાયરેક્ટ મોડથી સ્પર્ધાત્મક પરીક્ષાઓ અને કારકિર્દીલક્ષી સફળ માર્ગદર્શન આપવામાં આવેલ છે જેમાંથી ૬૪૦ જેટલા વિદ્યાર્થીઓ ઉચ્ચસ્તરીય સરકારી નોકરીઓ મેળવેલ છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં કુલપતિશ્રી ડો. કમલભાઈ ડોડિયા, કુલસચિવશ્રી ડો. ધીરેનભાઈ પંડયાના માર્ગદર્શન હેઠળ 'ટીમ સીસીડીસી' મારફત તાજેતરમાં રેવન્યુ તલાટી વર્ગ–૩ ના ૫૪૦ વિદ્યાર્થીઓ સીસીડીસી ખાતે રેગ્યુલર તાલીમ લઈ રહયા છે.

ભારત સરકારશ્રીની વિવિધ બેંકોમાં સરકારી નોકરી માટે યોજાતી એસ.બી.આઈ. અને આઈ.બી.પી.એસ. (ઈન્સ્ટીટયૂટ ઓફ બેકીંગ ફોર પર્સનલ સર્વીસ)ની વર્ષ ૨૦૧૮–૧૯ માં યોજાનાર વિવિધ વર્ગ–૩ ની પરીક્ષાઓમાં સૌરાષ્ટ્રનાં છાત્રો સફળતા મેળવી શકે અને શાળા–કોલેજમાં ચાલતાં વેકેશનનાં સદ્ઉપયોગ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી મારફત સફળ કારકિર્દી બનાવવા માટે થાય તે પરિપેક્ષમાં તા. ૧૯ એપ્રિલ ૨૦૧૮ થી દરરોજ બપોરે ૨ થી ૪ બેન્કીંગની પરીક્ષાઓ માટેની તૈયારીનું આયોજન કરવામાં આવેલ છે જેમાં મુખ્યત્વે ત્રણ વિષયો રિઝનીંગ એબીલીટી, કોન્ટીટેટીવ એપ્ટીટયૂડ, અંગ્રેજી ભાષાનાં વિવિધ આયામો લોજિકલ રીઝનીંગ, આલ્ફાન્યુમેરીકલ સીરીઝ, ડેટા સફીસીયન્સી, કોડેક ઈનઈકવીલીટીસ, પઝલ, સીટીંગ એરેજમેન્ટ, પ્રોફિટ એન્ડ લોસ, મિક્ષર એન્ડ એલીગેશન, વર્ક એન્ડ ટાઈમ, ડેટા ઈન્ટરપ્રિટેશન, ક્લોઝ ટેસ્ટ, રીડીંગ કોમ્પ્રીહેન્સન, પેરેગ્રાફ કમ્પલીસન વગેરેની તજજ્ઞો મારફત સૂક્ષ્મ પરિણામથી સફળતાપૂર્વકની તાલીમ આપવાનું આયોજન કરાયેલ છે.

આ તાલીમશાળામાં ભાગ લેવા ઈચ્છતા ઉમેદવારોએ વહેલા તે પહેલાના ધોરણે તા. ૧૮–૪–૨૦૧૮ સુધીમાં જરૂરી ટોકન ફી સાથે પ્રવેશ આપવામાં આવશે. આ અંગેની વધુ માહિતી માટે કેરીયર કાઉન્સેલીંગ એન્ડ ડેવલોપમેન્ટ સેન્ટર (સીસીડીસી) ૧૦૪, એકેડેમિક સેન્ટર, પહેલો માળ, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા પાછળ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ, રાજકોટ ખાતે સંપર્ક કરવા યાદીમાં જણાવાયેલ છે.

પ્રતિ, તંત્રીશ્રી,
ઉપરોકત માહિતી આપના પ્રસિદ્ધ દૈનિકમાં વિદ્યાર્થીઓના લાભાર્થે વિનામૂલ્યે પ્રસિદ્ધ કરવા વિનંતી.
આભાર સહ,

Co-ordinator
Career Counselling & Development Centre
Saurashtra University, Rajkot. (Gujarat)